# મોડાસા તાલુકાની જામાપુર પ્રાથમિક શાળામાં બાળકોને મજૂરી કરાવતા રોષ

ગુજરાત પુરા દેશ અને વિશ્વમાં મોડેલ સ્ટેટના રૂપમાં જાણીતુ છે પણ અત્યારની હાલત પ્રમાણે શિક્ષણ ક્ષેત્રમાં કંઈક અલગ જ જોવા મળે છે. એક કહેવત પ્રમાણે દિવા તળે અંધારૂ જો આવુ ચાલતુ રહે છે તો કઈ રીતે ભણશે ગુજરાત કઈ રીતે આગળ વધશે ગુજરાત.

અરવલ્લી જિલ્લાની મોડાસા શામળાજીથી ઉદેપુર હાઈવે ઉપર નાના મોટા વાહનોની અવર-જવર રાત-દિવસ ખૂબજ વ્યસ્ત રહેતો હોય છે. આ રોડ ઉપર લોકોને રોડ ક્રોસ કરવામાં મોટી તકલીફ ઉભી થતી હોય છે ત્યારે આ હાઈવે ઉપર અડીને જામાપુર પ્રાથમિક શાળા આવી છે. આ પ્રાથમિક શાળામાં આજુબાજુના બાળકો અભ્યાસ માટે આવે છે. ત્યારે આ સ્કૂલમાં મોટા મોટા ખાડા પુરવા માટે નાના મોટા બાળકોને તેમનો અભ્યાસ છોડીને સ્કૂલના શિક્ષકો દ્વારા મોટા મોટા તગારા ઊંચા કરીને તેમના જોડે ખાડા પુરાવામાં આવ્યા હતા. આ રોડની સાઈડમાં નાળાનુ કામ ચાલે છે ત્યાંથી બાળકો દ્વારા પાવડાથી રેતી અને કપચીના તગારા ભરીને સ્કૂલના બાળકો જોખમી રૂપે હાઈવે ક્રોસ કરીને બાળકો લાવી રહ્યા હતા. પણ એ શિક્ષકો તે જોઈને આનંદ માણી રહ્યા હતા. પણ એ શિક્ષકો પોતે ભાન ભુલ્યા હતા કે જો આ વ્યસ્ત હાઈવે ઉપર કોઈ વિદ્યાર્થીને અકસ્માત થયો હોત તો એની જવાબદારી કોની હોત તો બીજી બાજુ સરકાર પ્રાથમિક શાળાના વિકાસ અર્થે કરોડોની ગ્રાન્ટ આપતી હોય છે તો તે ગ્રાન્ટનો ઉપયોગ કરવાના બદલે અહીં બાળકો જોડે મફતમાં મજૂરી કરાવાય છે. આમ જોવા જઈએ તો સ્કૂલના શિક્ષકો ઉપર બાળ મજૂરી કરાવવાનો ગુનો પણ લાગી શકે છે માટે રોલ મોડેલ તરીકે જાણીતુ ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્ર આવુ ના બને તેની તકેદારી રાખવી જોઈએ.

ગુજરાત સરકાર દ્વારા વિકાસની મોટી મોટી વાતો કરે છે ત્યારે સરકાર દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાની જરૂરીયાતો ક્યારે નજરે ચડશે એ પણ મોટો પ્રશ્ન છે. દરેક સરકારી સ્કૂલોમાં સુવિધાનો અભાવ અને શિક્ષણની હાલત જોઈ એમ થાય છે કે સરકાર દ્વારા દાંત દેખાડવાના જુદા અને ચાવવાના જુદા તેવુ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.





# પ્રાંતિજ સહિત તાલુકામાં ડાંકટરો દ્વારા દર્દીઓ સાથે જાહેરમાં ચેડાં

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકામાં ઠેરઠેર દવાખાનાઓ ખુલી ગયાં છે. જેમાં ડાંકટરો નિયમોને નેવે મુકી પૈસા કમાવવાની લ્હાયમાં દર્દીઓ સાથે જાહેરમાં ચેડાં કરતા હોવા છતાં જવાબદારતંત્ર આંખે હપ્તાના પાટા બાંધી બધુ જાણતું હોવા છતાં અજાણતા હોવાનું ઢોંગ કરી રહ્યું છે ત્યારે આરોગ્ય વિભાગ પણ મોટી ઘટના બને તેની રાહ જોઈને બેઠું છે.

પ્રાંતિજમાં જાણે ડાંકટરો દ્વારા કમાવવાની લ્હાયમાં પોતે આયોર્વેદિક, હોમિયોપેથીક, એલોપેથિક હોવાં છતાં દર્દીઓને આકર્ષક કરવા માટે બે-ત્રણ રૂમનું અદ્યતન દવાખાનુ બનાવી દે છે અને પોતે દર્દીઓને ઈન્જેકશન કે સીરીગ બોટલ ચડાવે છે અને પોતાનાં પ્રિસ્ક્રિપ્શન પેપર ઉપર એન્ટ્રીબોડેટ દવાઓ લખવાની ના હોવાં છતાં લખે છે અને પોતે દવાખાની બાજુમાં પોતે મેડીકલ પણ ખોલી દે છે અને પોતે ડબલ કમાણી કરતાં જાહેરમાં જોવાં મળે છે સાથે દર્દીઓના આરોગ્ય સાથે પણ જાહેરમાં ચેડા થતાં જોવાં મળે છે અને મેડીકલ ઉપર માત્ર દસ પાસ કે આઠમી પાસનો સ્ટાફ જોવાં મળે છે અને મેડીકલ લાયસન્સ ધારકોતો બીજી કોઈ જગ્યાએ નોકરી કરતાં હોય છે ત્યારે હાલ તો દર્દીઓ સાથે જાહેરમાં ચેડાં છતાં જવાબદાર તંત્ર આંખ આડા કાન કરીને બેઠું છે અને આરોગ્ય વિભાગ પણ કોઈ મોટી ઘટના બને તેની રાહ જોઈને બેઠું છે ત્યારે જોવાનું એ રહ્યું કે ખરેખર આવા ડાંકટરો સામે તપાસ થશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.

**આ બાબતે હિંમતનગર આરોગ્ય અધિકારી ડાં. કનોડીયાનો ફોન ઉપર સર્પક કરતાં તેવોએ જણાવ્યું કે અમારામાં આવતુ નથી અને આરોગ્યલક્ષી રજુઆતો થાય તો અમે તપાસ કરી શકીએ છીએ અને અમે ફક્ત હાલ તો નોંધણી થયેલ ડાંકટરોની તથા પી.એચ.સી.ના ડાંકટરોની તપાસ કરી શકીએ છીએ અને આગળ જતાં અમને કોઇ લેખિતમાં જાણકારી રહેશે તો અમે તપાસ કરીશું ત્યારે હાલ તો જિલ્લા પંચાયતમાં આવે છે તેમ કહીને આંખ આડા કાન કર્યા હતા.**





અષાઢી માહોલમાં મયુરનો મલ્હારમાં ટહુકો વર્ષાૠતુના આગમન સાથેજ રાષ્ટ્રીય પક્ષી મયુરના કંઠે ટેહુક ટેહુક કરી વર્ષારાણીનું સ્વાગત કરે છે આધ્યાત્મિક ગરમીથી ત્રસ્ત થયેલ જીવજંતુને પ્રાણ પુરવા અંબરમાંથી વરસાદને આહવાન કરવાં સૃષ્ટિને લીલીછમ ઝાઝમ પાથરવા મોર વગડામાં કે ડેલીના ટોડલે યા તો સરોવરની પારે ટેહુક ટેહુક કરી ગગન સુધી મેધરાજાને આહવાન કરે છે અને વળી મેધમલ્હાર ગવાતો ન હોય એવું જણાઈ આવે છે.

# પ્રાંતિજમાં નગરપાલિકા દ્વારા અઠવાડિયા પહેલાં જ નવનિર્મિત રોડ પરથી મેકઅપ જતો રહ્યો

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા લાખ્ખો રૂપિયાના ખર્ચે અઠવાડિયા પહેલાં બનાવવામાં આવેલ રોડ ઉપરનો મેકઅપ જતો રહેતા લોકોમાં રોષ જોવા મળ્યો છે.

પ્રાંતિજ લાલદરવાજા પાસે વોર્ડ નં-૫ માં બનાવવામાં આવેલ રોડ માત્ર એક અઠવાડિયામાંજ રોડ ઉપરનો મેકઅપ ઉતરી જતા મોટી મોટી કપચીના કાંકરા દેખાય છે અને હજુ વધુ સમય પણ ના થતાં રોડ ઉપર થીબ્બાં પડી ગયાં છે તો બીજીબાજુ આ વિસ્તારના રહીશોમાં નવીનરોડને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો પણ ટુંક સમયમાં જ રોડ ઉપરનો મેકઅપ દુર થતાં રહીશોમાં રોષ જોવાં મળ્યો છે અને આ વિસ્તારના રહીશોની રાહ ઉઠવા માંડી છે. અને લાલ દરવાજાથી ખોડીયાર કુવાના ઢાળ સુધી આખો રોડ ઉપર હાલ તો મેકઅપ વગરનો થઈ જતાં ઠેરઠેર રોડ ઉપર કપચી ઉગાડી થઈ છે ત્યારે અંહીથી દિવસ દરમ્યાન હજારો લોકો અવર જવર કરે છે ત્યારે સ્થાનિક રહીશો જણાવી રહ્યાં છે કે રોડમાં હલકી ગુણવત્તાનું મટેરીયલ ઉપયોગ કર્યો હોવાથી રોડ બન્યાને માત્ર થોડાક દિવસોમાં રોડ ઉપર મોટી-મોટી કપચી દેખાતી થઈ છે ત્યારે નગરપાલિકા એન્જીનીયર સાહેબે શું તપાસ રાખી અને રોડ કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તાનો મટેરીયલ ઉપયોગ કરતાં લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ રોડ ઉપર હાલ તો પાણી ફરી વળ્યું છે જયારે હવે જોવાનું એ રહ્યું કે શું જવાબદારો સામે કાર્યવાહી થશે કે કેમ કે પછી હોતા હે ચાલતાં હે ની સ્થિતિનું ફરી અહીં પણ પૂર્નાવર્તન થશે કે કેમ એ તો જોવાનું રહ્યું.



# પોલીસે ગેરકાયદેસર સિગારેટનો જથ્થો જપ્ત કર્યો

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લામાં ગેરકાયદેસર માર્કાવાળી સિગારેટનું ધૂમ વેચાણ થતુ હોવાની રાવ સાથે બાતમી આધારે મહેસાણા એલસીબી પોલીસ મહેસાણાએ ખાનગી એનજીઓને સાથે રાખી રેડ કરી હતી. જેમાં રૂપિયા ૩.૬૪ લાખનો મુદ્દામાલ કબજે પોલીસે કર્યો છે. જ્યારે આ બાબતે મહેસાણા બી. ડીવીઝન પોલીસ મહેસાણાએ તપાસ શરૂ કરી છે.

મહેસાણામાં ગેરકાયદેસર સિગારેટ વેચતા ત્રણ વેપારી સામે મહેસાણા પોલીસે કાર્યવાહી કરી છે. જેમાં રૂ. ૩.૬૪ લાખની કિંમતના કુલ ૨૬૦ બોક્સ જુદી જુદી માર્કાની પોલીસે જપ્ત કરી છે. મહેસાણા એલસીબી અંગત બાતમી મળી હતી જેમાં આ રેડ કરીને મહેસાણાની બી ડિવિઝન પોલીસે આ અંગે કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદની કેર એન્ડ વિઝીલેન્સ ફાઉન્ડેશન અને એનજીઓના સ્વયંસેવક શનિ જૈને મહેસાણા એલસીબી પોલીસને આ અંગે ફરીયાદ કરી હતી. જેમાં સિગારેટ અને તમાકુ ઉત્પાદન અધિનિયમ મુજબની જે રીતે વિસંગતતા જોવા મળી હતી જેમાં પર પ્રાંતની મોંઘીદાટ સિગારેટ ઈન્ડોનેશિયાની ગેરકાયદેસર રીતે મહેસાણામાં વેચતા હતા. સિગારેટના બોક્સ પર નિયમ મુજબ ૮૫ ટકા વોર્નિંગ લોગો ભારતીય કલમ અનુસંધાને લોગો મુકવામાં આવ્યો હતો. જેમાં ડીઆરએમ બ્લેક ફોરવર ગોલ્ડ, કેપિટલ, સી૧૦ બ્રાન્ડની સિગારેટ હાલમાં પોલીસે જપ્ત કરાઈ છે. આ અંગે મહેસાણા બી. ડીવીઝન પોલીસે તપાસ શરૂ કરી છે. તેમ સુરજકુમાર તપાસ અધિકારી મહેસાણા બી. ડિવીઝન પોલીસે જણાવ્યુ હતુ.

# મહેસાણા જિલ્લામાં કરણનગર ખાતે નર્મદા મહોત્સવ યોજાશે

રાજ્યમાં નર્મદા મહોત્સવ ૨૭ જુલાઈથી ૫ ઓગષ્ટ દરમિયાન યોજાનાર છે. મા નર્મદા થકી સમગ્ર રાજ્યને સીધો ફાયદો થયો છે. આવો આપણે નર્મદા વિશે જાણીએ. ગુજરાત રાજ્યમાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના અગાઉ મોટાભાગના ગ્રામ્ય અને શહેરી વિસ્તાર સ્થાનિક સ્ત્રોતો આધારિત પાણી મેળવતા હતા. રાજ્યમાં ઓછા વરસાદના કારણે ભુગર્ભ જળ દર વર્ષે ઉંડા ઉતરતા જાય છે અને પાણીની ગુણવત્તા પણ પ્રભાવિત થાય છે. રાજ્યના ભુગર્ભ જળના ખારાશ, ક્ષાર, ફ્લોરાઈડ અને નાઈટ્રેટનુ ઉંચુ પ્રમાણ જોવા મળે છે અને આ પાણી પીવાથી મનુષ્યના સ્વાસ્થ્યને ખુબ નુકસાન થાય છે. જ્યારે નર્મદા ટ્રીબ્યુનલને એવોર્ડ આપ્યો તે મૂજબ ગુજરાતમા ૯ મિલિયન એકર ફીટ પાણી ફાળવેલ છે. જે પૈકી ૦.૮૬ મિલિયન એકર ફીટ પીવાના પાણી માટે અને ૦.૨૦ મિલિયન એકર ફીટ ઔદ્યોગિક વપરાશ માટે ફાળવેલ છે.

પાણી પુરવઠા વિભાગે સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્ત્રોતોનું સર્વેક્ષણ કરેલ અને સ્થાનિક સ્ત્રોતમા પાણીની ઉપલબ્ધિના આધારે એક માસ્ટર પ્લાન તૈયાર કરેલ. મૂળ માસ્ટર પ્લાનમા ૧૨ જીલ્લાના ૧૦૩ તાલુકાઓના ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરોનો સમાવેશ હતો. ત્યારબાદ તેમનું વિસ્તરણ કરી ૯૪૯૦ ગામો અને ૧૭૩ શહેરોનો સમાવેશ કરવામા આવ્યો. આ ઉપરાંત ખેડા, નર્મદા, વડોદરા, દાહોદ અને છોટા ઉદેપુરના ૯૮૩ ગામો અને ૫ શહેરોનો પણ સમાવેશ કરવામા આવેલ. આમ નર્મદા માસ્ટર પ્લાનમા ૨૫ જીલ્લાના ૧૬૭ તાલુકાઓના ૧૦૪૭૩ ગામો અને ૧૭૮ શહેરોનો સમાવેશ છે.

રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૦ પછી નર્મદા આધારીત જુથ પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ શરુ કરેલ અને હાલ ૨૩ જીલ્લાના ૧૪૬ તાલુકાઓના ૮૩૪૮ ગામો અને ૧૫૯ શહેરો નર્મદા જળ આધારીત છે. નર્મદા યોજનાથી પીવાના પાણીનો લાભ મેળવતા જીલ્લાઓ જેમા કચ્છ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દેવભુમિ દ્વારકા, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, અમરેલી, ભાવનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, પંચમહાલ, અરવલ્લી, ખેડા, નર્મદા અને છોટા ઉદેપુરનો સમાવેશ થયેલ છે.

નર્મદા માસ્ટર પ્લાન હેઠળ ૨૮૬૨ કિ.મી. બલ્ક પાઈપલાઈનનું નિર્માણ થયેલ છે અને ૨૦૮ જળ શુધ્ધીકરણ એકમનું નિર્માણ થયેલ છે. જેની કુલ ક્ષમતા ૩૦૦૦ એમ.એલ.ડી જેટલી છે.

# થરા પોલીસ સ્ટેશન ખાતે થરા પોલીસ સ્ટાફ તથા વનવિભાગ દ્વારા વૃક્ષારોપણ કરાયું

થરા, તા. ૧૭

આજરોજ થરા પોલીસ સ્ટેશન ખાતે બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર તથા મદદનીશ પો.અધિ. અક્ષયરાજ મકવાણા, દિયોદર તથા સીપીઆઈ એચ.એન. રાઠોડના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં થરા પો.સબ ઈન્સ. એ.ડી. પરમાર તથા આર.એફ.ઓ. આર.સી . મકવાણા તથા ફોરેસ્ટર વી.જે. વાઘેલા તથા વનરક્ષક વી.વી. ચારણ તથા એન.એસ. ચૌધરી તથા ગામના આગેવાન પ્રકાશભાઈ રાઠોડ, રમેશભાઈ ચૌધરી તથા થરા પોલીસ સ્ટાફ, ટીઆરબી સ્ટાફ, હોમગાર્ડ સ્ટાફ હાજર રહ્યો હતો.

સૌ પ્રથમ થરા પીએસઆઈ એ.ડી. પરમારના વરદહસ્તે લીમડાના છોડને રોપીને કાર્યક્રમની શરૂઆત કરેલ. ત્યારબાદ કાંકેજ આરએફઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. ત્યારબાદ કાર્યક્રમને આગળ વધારતા વન વિભાગના સ્ટાફ તથા થરા પોલીસ સ્ટાફ, ટીઆરબી સ્ટાફ, હોમગાર્ડ સ્ટાફ તથા ગામના આગેવાનો દ્વારા વિવિધ વૃક્ષોના છોડ રોપવામાં આવેલ અને કાર્યક્રમના અંતે રોપવામાં આવેલ વૃક્ષોની જાળવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી.



૫ જૂને વિશ્વ પરિયાવરણની ઉજવણી કરાતી હોય છે ત્યારે પર્યાવરણ જાળવણીના શપથો લેવાય છે. પરંતુ ત્યારબાદ કોઈજ ધ્યાન આપવામાં આવતું નથી. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ઉમેદપુર ( દધાલિયા) ગામે આવેલા પ્રવિત્ર ધામ ખંડુજી મહાદેવના મંદિરે ઉમેદપુર યુવા મંડળ દ્વારા દુનિયામાં જે ગ્લોબલ વૉમિંગની સમસ્યા નડી રહી છે તેનાથી બચવાનો એક માત્ર વિકલ્પ વૃક્ષો છે ત્યારે ઉમેદપુર (દઘાલીયા) ના યુવાનો દ્વારા વૃક્ષા રોપણનું પવિત્ર કાર્ય કરવામાં આવ્યું હતું. અને સમાજને ઉત્કૃષ્ટ રાહ ચીંધ્યો હતો. સમાજમાં જાગૃતિ લાવનારા આ પ્રવિત્ર કાર્યમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયીને વૃક્ષારોપણ કરી સુંદર કાર્ય કર્યું હતું. આ ઉમેદપુર (દઘાલીયા) ગામ પોતાની એકતાને લઈને વખાણાતું આવ્યું છે ત્યારે આ યુવાનોએ આ પ્રવિત્ર કામ કરીને પોતાના ગામની એકતાનો પરિચય આપ્યો હતો. ત્યારે આ યુવાનોના કાર્યને બિરદાવા લાયક છે.

# મેઘરજના ડુંડવાસ પાસે ટ્રકે બાઈકને ટક્કર મારતાં બે બાળકોના મોત : ૩ ઘાયલ

મેઘરજ, તા.૧૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ડુંડવાળા પાસે રવિવારના રોજ સાંજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૨ બાળકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજતાં સમગ્ર તાલુકામાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.



મેઘરજના લિભોઈ ગામેથી બાઈક લઈ મેઘરજ તરફ આવતા બાઈક સવારને યમરાજ બની આવતી ટ્રકે ટક્કર મારતા બાઈક પર સવાર એક બાળકી ડીમ્પલબેન ભરતભાઈ ડામોર ઉ.વ.૯ રહે. ભુતીયાઅને બાળક નીલેશભાઈ રમણભાઈ ડામોર ઉ.વ.૫ રહે. લિભોઈનુ કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે બાઈક ચાલક ભરતભાઈ મણાભાઈ ડામોર, નંદાબેન ભરતભાઈ ડામોર, જીગ્નેશભાઈ ભરતભાઈ ડામોર તમામ રહે. ભુતીયાને ગંભીર ઈજાઓ થતા મેઘરજની રેફરલ હોસ્પિટલ ખસેડતા હતા. પરંતુ વધુ ગંભીર ઈજાઓ જણાતા વધુ સારવાર અર્થે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ખસેડયા હતા. આ ગોજારા અકસ્માતમાં બે બાળકોના મોતથી પંથકમાં અરેરાટી મચી જવા પામી હતી. અકસ્માત બાદ ક્રેન વડે કલાકોની ભારે જહેમતબાદ મૃતદેહોને ટ્રક નીચેથી બહાર કાઢવામાં આવ્યા હતા પોલીસને ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી સમગ્ર મામલાની તપાસ હાથ ધરી બેફામ રીતે હંકારતા ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# મેઘરજમાં બે મોબાઈલની દુકાનોમાં ચોરી

મેઘરજ નગરમાં રવિવારની મધ્યરાત્રીએ ગ્રીનપાર્ક વિસ્તારમાં બે મોબાઈલની દુકાનોમાં અજાણ્યા ઈસમોએ દુકાનોની પાછળની બાજુથી દરવાજો તોડી દુકાનોમાંથી મોબાઈલ તેમજ રોકડ રકમની ચોરી કરી ફરાર થવાના બનાવે મેઘરજ નગરના રહીશોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

મેઘરજ નગરના ગ્રીનપાક વિસ્તારમાં ન્યુ જનતા મોબાઈલની દુકાનમાંથી રવિવારની મધ્ય રાતે અજાણ્યા ઈસમોએ અલગ અલગ કંપનીના ૧૩ જેટલા મોબીલ તેમજ એસેસરીઝ જેની કિં. રૂ. ૧ લાખ અને દુકાનમાં દિવસભરની કમાણીની રોકડ રકમ રૂ. ૧૫ હજાર ચોરી ગયા હતા. તેમજ પંચાલ રોડ ઉપર એકતા મોબાઈલની દુકાન ઉપર આશરે ૨૫ જેટલા રીપેરીંગમાં આવેલ મોબાઈલ અને રીપેરીંગના સામાનની પણ અજાણ્યા ઈસમોએ ચોરી કરી હતી. જે અંગે ન્યુ જનતા મોબાઈલના દુકાનદાર મહેમુદભાઈ અહેમદભાઈ ચડી અને એકતા મોબાઈલના દુકાનદાર સફી રહીમ ખેરાડાએ મેઘરજ પોલીસ સ્ટેશને અજાણ્યા ચોર ઈસમો સામે જચોરીની ફરીયાદ નોંધાવી હતી.





સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે તાલુકા પંચાયત ખાતે ગ્રામ પંચાયતના વિકાસ અંતર્ગત ત્રણ દિવસ્ય તાલીમ શિબીરની આજથી પ્રાંતિજ ખાતે શરૂઆત થઈ. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ તાલુકા પંચાયત ખાતે તબક્કાવાર યોજાનાર આર.જી.એસ.એ, જીપીડીપી ગ્રામ્ય કક્ષાની તાલીમ શિબીરનું આજથી શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ગામ્ય વિસ્તારમાં આવેલા સરપંચો, સભ્યો સહિતને ગાંધીનગરથી ઉપસ્થિત તાલિમ સંસ્થાના અધિકારીઓ દ્વારા તાલિમ આપવામાં આવી હતી જયારે આ પ્રસંગે પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા, તાલુકા પ્રમુખ દક્ષાબેન, ઉપપ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ બેચરસિંહ રાઠોડ, સુરેશભાઈ તથા તાલિમ અધિકારીઓ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં જેમાં પ્રાંતિજ તાલુકામાંથી વિવિધ ગામોમાથી ઉપસ્થિત સરપંચોએ ઉપસ્થિતિ રહી વિકાસલક્ષી માર્ગદર્શન મેળવ્યું હતું.